ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૪ ટકા

# શહેરમાં શ્રધ્ધાળુઓના ઘરે શ્રીજીનું સ્નેહભર્યું સ્થાપન

**સવારથી જ શહેરીજનોએ સોશ્યલ મિડીયાના માધ્યમથી એકબીજાને ગણેશ ચતુર્થીની શુભેચ્છાઓ પાઠવી : ઘરમાં જ વિસર્જન કરવાનું હોવાથી મોટા ભાગના ભાવિકોએ માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન કર્યું**



ગાંધીનગર, તા.૨૨
શહેરમાં આજે વિધ્નહર્તા ગણેશજીનું આગમન થવા પામ્યું હતું અને શ્રધ્ધાળુઓએ પોતપોતાના ઘરે મંગલમૂર્તિની સ્થાપના કરી ઓવારણાં લીધા હતા. આજે ગણેશ ચતુર્થીના પાવન દિન ગજાનંદ ગણપતિના જયઘોષ સાથે શહેરમાં ગણેશોત્સવનો પ્રારંભ થયો છે અને મોટાભાગના ભાવિકોએ માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કર્યુ છે. વહેલી સવારથી જ શહેરમાં નાગરિકોએ સોશિયલ મિડીયાના માધ્યમથી એકબીજાને ગણેશ ચતુર્થીની શુભેચ્છાઓ પાઠવી હતી.

'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે ગણેશજી ઘરે ઘરે પધારી ચુકયા છે અને નાગરિકોના હૈયે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે આ વર્ષે કોરોના મહામારીના કારણે સરકાર દ્વારા જાહેરમાં ગણેશ ઉત્સવ ઉજવવા પર રોક લગાવી દેવામાં આવી છે જેન કારણે શહેરમાં યોજાતા ગણેશ મહોત્સવો તેમજ સોસાયટીઓમાં ઉજવાતા ગણેસ ઉત્સવો વગેરે રદ કરી દેવામાં આવ્યા હોવાથી નાગરિકોમાં નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે શ્રધ્ધાળુઓએ સવારના મુહુર્તમાં ગણેશજીનું ઘરમાં સ્થાપન કરી તેમની પૂજા આરતી કરી હતી. મોટા ભાગના શ્રધ્ધાળુઓ દ્વારા આ વર્ષે મૂર્તિનું ઘરમાં જ વિસર્જન કરવું ફરજિયાત હોવાને કારણે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન કર્યું છે જેમાંથી મોટા ભાગના શ્રધ્ધાળુઓએ માટીની મૂર્તિઓ પણ ઘરે જ બનાવી છે. આ માટે છેલ્લા કેટલાક દિવસથી સોશ્યલ મિડીયાના વિવિધ પ્લેટફોર્મ પર માટીના ગણેશ કવી રીતે બનાવવા તેનું નિદર્શન કરતા વિડિયોઝ વાઈરલ થયા હતા જે શહેરીજનોને ખૂબ કામમાં આવ્યા છે. માટીની તૈયાર કે જાતે બનાવેલી મૂર્તિનું સ્થાપન કરવાનું હોવાથી આ વર્ષે શહેરમાં શ્રધ્ધાળુઓના ઘરે સ્થાપિત મૂર્તિઓની ઉંચાઈ પણ સરેરાશ દર વર્ષ કરતા ઓછી જોવા મળી રહી છે.

કોવિડ-૧૯ ગાઈડલાઈન અનુસાર માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું ફરજીયાત હોવા ઉપરાંત સેનેટાઈઝરનો ઉપયોગ પણ જરુરી હોવાથી નાગરિકો દ્વારા ઘરમાં સ્થાપિત ગણેશજીના દર્શને આવતાં અડોશ-પડોશના દર્શનાર્થીઓ માસ્ક પહેરીને આવે અને ભીડ ના કરે તેનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. આ વર્ષે દર્શનાર્થીઓની સંખ્યામાં ઘટાડો પણ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં પણ શહેરીજનો હૈયે હેતના ઉમળકાથી શ્રીજીનું સ્થાપન કરી ગણેશોત્સવ ઉજવી રહ્યા છે.

# શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે સવંત્સરી ઉજવાઈ

**જૈન શ્રાવકોએ ઘરે રહીને જ કલ્પસૂત્ર વાંચન અને પ્રતિક્રમણ કર્યા : એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવી ક્ષમાયાચના વ્યકત કરી**



ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરમાં આજે શ્વેતાંબર જૈન સંઘના પરિવારો દ્વારા સંવત્સરીની સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે ઉજવણી કરવામાં આવી હતી અને જૈન શ્રાવકોએ એકબીજાને મિચ્છામી દુક્કડમ પાઠવ્યા હતા. આ સાથે આજે સવારે જૈન શ્રધ્ધાળુઓએ પોતાના ઘરે રહીને કલ્પસૂત્રનું વાંચન અને પ્રતિક્રમણ કર્યા હતા જેમાં પરિવારના સભ્યોએ સામુહિક પૂજા કરી હતી.

શહેરમાં આ વર્ષે કોરોના મહામારીના કારણે તમામ પ્રકારના ઉત્સવો-પરંપરામાં પરિવર્તન આવેલું જોવા મળી રહ્યું છે. આ વર્ષે જૈનોના મહાપર્વ પયુર્ષણમાં પૂ. ભગવંતોના વ્યાખ્યાન પણ યોજાઈ શકયા નથી પરંતુ જૈન શ્રાવકોએ પયુર્ષણના આઠ દિવસ ઘરે રહીને સંયમ સાથે તપશ્ચર્યા કરી હતી. આજે પર્યુષણના અંતિમ દિવસ એટલે કે સંવત્સરીના પાવન દિવસે પણ મોટા ભાગના શ્રધ્ધાળુઓએ ઘરે રહી જ કલ્પસૂત્ર વાંચન તથા પ્રતિક્રમણ પૂજા વગેરે કર્યા હતા. આ પછી દરેકે માસ્ક તથા સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને સંવત્સરીની ઉજવણી કરતા એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવી ક્ષમાયાચના કરી હતી. આ સાથે ક્ષમાયાચના માટે ફોન અને સોશ્યલ મિડીયાના પ્લેટફોર્મનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આજથી સંવત્સરીના પર્વની સાથે જ દિગંબર જૈન સમુદાયના પર્યુષણ પર્વનો પ્રારંભ થયો છે.

## રાત્રિ ભોજન ત્યાગનો સંકલ્પ કરતી બાળકી



**જૈન સંપ્રદાયનું પર્યુષણ પર્વ એ સંયમ અને સંકલ્પનું પર્વ ગણાય છે. આ પર્વ દરમિયાન જૈન શ્રધ્ધાળુઓ એક સંકલ્પ લેતા હોય છે જે અંતર્ગત શહેરમાં એક જૈન પરીવારની માત્ર ૨૪ મહિનાની બાળકી પ્રવજ્યા વસ્તુપાલ મહેતાએ આગામી ૫૦ દિવસ સુધી રાત્રિ ભોજનનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો છે.**

# સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા શ્રીજીની છબી અને પ્રસાદીનું વિતરણ



શહેરમાં દર વર્ષે ઉજવાતા ગણેશ મહોત્સવોનો ખાલીપો આ વર્ષે શહેરીજનોને સાલી રહ્યો છે. શહેરના સેકટર-૨૨માં રંગમંચ ખાતે છેલ્લા ૫૦ વર્ષથી શ્રી સાર્જવનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ભવ્ય ગણેશોત્સવ ઉજવવામાં આવે છે પરંતુ આ વર્ષે ભવ્ય ઉજવણીનું આયોજન ટાળવામાં આવ્યું છે. જો કે સમિતિ દ્વારા સતત ૫૧મા વર્ષે શાસ્ત્રોકત વિધિ મુજબ ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું છે. અને શ્રીજીની પ્રસાદી સાથે સ્થાપનની છબીનું ભાવિકોમાં વિતરણ કરવામાં આવ્યું છે. આ સાથે સમિતિ દ્વારા નાગરિકોને કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શ્રાવણ માસમાં રંગભકતોએ ૧૪૭૦૦થી વધારે શિવ મહિમ્નના પાઠ કર્યા

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરના સે-૨૮માં દત્ત મંદિર ખાતે વર્ષોથી શ્રાવણ માસમાં લગભગ દરરોજ અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજવામાં આવતો હતો અને તેમાં સરેરાશ ૮૦થી વધારે ભકતો તેનો લાભ લેતા હતા. ચાલુ વર્ષે કોરોનાની મહામારીના કારણે અને સરકારની સૂચનાઓ ધ્યાને લઈ દર વર્ષની પરંપરામાં થોડા ફેરફાર સાથે ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને તે મુજબ નોંધણી કરતા ૧૦૦થી પણ વધારે સભ્યો નોંધાતા તેઓએ માસ દરમિયાન ૧૪૭૦૦થી વધારે શિવ મહિમ્નના પાઠ કર્યા એટલે એક પાઠાત્મક શિવ મહિમ્નનો એક અતિ રૂદ્ર થયો હતો. ૫૦૦થી વધુ પાઠ કરનાર નયનાબેન પાઠક, પ્રજ્ઞાબેન જોશી, કંચનબેન પાધ્યા, રિધ્ધીશભાઈ જોષી તથા મહેન્દ્રભાઈ રાવલ હતા.

# સિવિલમાં કોવિડ સિવાય અન્ય બિમારીના દર્દીઓ માટે વોર્ડની વ્યવસ્થા કરવામાં આવશે

**આરોગ્ય વિભાગ ચિંતિત : શહેરમાં મેલેરીયાના છુટાછવાયા દર્દીઓ સામે આવી રહ્યા છે**

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં કોવિડ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. છેલ્લા પાંચ માસથી વધુના સમયથી કોરોના પોઝીટીવ દર્દીઓની સારવાર ડોકટરથી માંડીને વર્ગ-૪ નો કર્મચારી કરી રહ્યો છે. ત્યારે હવે ચોમાસાની સિઝનને પગલે મચ્છરજન્ય રોગચાળો પણ માથુ ઉંચકે તેવી દહેશત સેવાઈ રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં આવા દર્દીઓને કોરોનાનો ચેપ ના લાગે તે રીતે સારવાર મળી રહે તે માટે તેની વ્યવસ્થા કરવા માટે તંત્ર દોડતુ થયું છે.જુની હોસ્પિટલ બિલ્ડીંગમાં બેડ ની સંખ્યામાં વધારો કરીને આવા દર્દીઓને સારવાર આપવામાં આવશે. જેથી કોરોનાના દર્દીઓનો ચેપ મેલેરીયા કે ડેન્ગ્યુ જેવી બિમારીના દર્દીઓને લાગે નહી.

મળતી માહિતી મુજબ એક તરફ કોરોનાના કેસ વધી રહ્યા છે. જેને પગલે આરોગ્ય વિભાગ ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે હાલ ચોમાસાની સિઝન ચાલી રહી છે, જેને પગલે શહેરમાં વરસાદને પગલે શેરીઓ તેમજ સોસાયટીઓમાં કાદવ કિચડ અને પાણી ભરાયેલા ખાબોચીયા નજરે પડી રહ્યા છે ત્યારે મચ્છરોને પગલે મચ્છરજન્ય રોગચાળો માથુ ઉંચકે તેમ લાગી રહ્યું છે. શહેરમાં મેલેરીયાના છુટાછવાયા દર્દીઓ સામે આવી રહ્યા છે. જેથી હાલ સિવિલમાં કોવીડ દર્દીઓ હોવાથી ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવે છે. ત્યારે શહેરની સિવિલમાં પણ કોરોના ઉપરાંત મેલેરીયા, ડેન્ગ્યુ સિવાય અન્ય બિમારીના દર્દીઓ માટે વોર્ડની વ્યવસ્થા કરવામાં આવે તે માટે સિવિલના સત્તાધિશો આ મુદ્દે ચર્ચાઓ કરી રહ્યા છે. ત્યારે ટુંક સમયમાં જુની બિલ્ડીંગમાં કોવિડ સિવાય અન્ય બિમારીના દર્દીઓ માટે વોર્ડની વ્યવસ્થા કરવામાં આવે તેમ લાગી રહ્યું છે.

# છત્રાલ દારૂકેસમાં પીઆઈ અને પીએસઆઈને સસ્પેન્ડ કરાયા

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં સ્થિત શ્રીજી એસ્ટેટના ગોડાઉનમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલે રેઈડ પાડી રૂ. ૧૧.૫૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. જેને અનુલક્ષી રેન્જ આઈજી અભય ચુડાસમાએ તાત્કાલીક અસરથી કલોલ તાલુકા પીઆઈ અને પીએસઆઈને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પોલીસ મથકના વિસ્તારમાં આવેલા દારૂના જથ્થાની પ્રવૃતિ અંગે બાતમી મેળવવામાં અને ડામવામાં નિષ્ફળ રહેવા બદલ રેન્જ આઈજી એ પીઆઈ વી.વી. ત્રિવેદી, અને પીએસઆઈ દેસાઈને સસ્પેન્ડ કરી દીધા છે. પીઆઈ અને પીએસઆઈને સસ્પેન્ડ કરવામાં આવતા પોલીસ વિભાગમાં હડકંપ મચી ગયો છે. બે દિવસ પહેલા જ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડીને શ્રીજી ગોડાઉનમાંથી દારુની કુલ ૫૨૦૮ બોટલ દારૂની અને ૧૦૦૮ ટીન બિયરના મળી આવ્યા હતા. જો કે ગોડાઉન ભાડે રાખનાર બે શખ્સો પોલીસને મળી આવ્યા ન હતા. પોલીસો ગોડાઉનના માલિક અંગે પુછતાછ કરતા રાજસ્થાનના સાંચોરના રૂઘનાથ ગંગારામ મારવાડી (હાલ રહે. ઈ બ્લોક નિર્મિત ક્રિસ્ટલ, કેઆરસી કોલેજ માર્ગ કલોલ) નામના શખ્સને ગોડાઉન ભાડે આપ્યું હોવાનું જણાવ્યું હતું. આરોપીઓએ ૪ ઓગસ્ટના રોજ ગોડાઉનનો કબ્જો લઈ મોટા પાયે દારૂ ઉતાર્યો હતો.



શહેરમાં સતત વરસાદી માહોલમાં રોડ રસ્તાની પોલ ખુલી રહી છે અને માર્ગો પર સર્જાયેલા ભૂવાં કે ખાડા વાહનચાલકોથી માંડીને રાહદારીઓ માટે જોખમી બની રહ્યા છે. સેકટર-૬માં પ્રવેશવાના માર્ગો પર કેટલાંક દિવસથી પડેલો આ ખાડો દિવસેને દિવસે વરસાદી પાણીના કારણે ઉંડો થતો જઈ રહ્યો છે જેના કારણે ખાસ કરીને ટુ વ્હીલર ચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.



ગાંધીનગરના સેકટર-૨૭ની દિકરી પ્રીશા સ્નેહલભાઈ શાહ ચાતુર્માસની શરૂઆતથી ૫૦ બિયાસણા, ૫૦ સામાયિક, ૫૦ બાંધી નવકારવાળી કરી રહી છે. આ ઉપરાંત દરરોજ પ્રભુ પૂજા, પર્યુષણ મહાપર્વ દરમિયાન દરરોજ સવારે-સાંજે થઈને કુલ ૧૭ પ્રતિક્રમણ પણ તેમણે કર્યા છે. ચાતુર્માસમાં ઘરે રહીને પણ તપ, જપ, ધર્મ આરાધના કરી રહ્યાનો આનંદ માણ્યો હતો.

# ગુજરાત સાયન્સ સિટી દ્વારા વર્લ્ડ ફોટોગ્રાફી ડે ઉપર લાઈવ ટોકનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૨
ગુજરાત સાયન્સ સિટીએ વર્લ્ડ ફોટોગ્રાફી ડે નિમિત્તે રસપ્રદ લાઈવ ટોકનું આયોજન કર્યું હતું. ઓનલાઈન સેશનમાં ઈન્ડિયા ટુડે ગ્રુપના પ્રિન્સિપલ ફોટોગ્રાફર શૈલેષ રાવલે ફોટોગ્રાફીની કળા અને વિજ્ઞાન વિશે વાત કરી હતી.

ફોટોગ્રાફીમાં સાડા ત્રણ દાયકાથી વધુ અનુભવ ધરાવતા શૈલેષ રાવલે કહ્યું હતું કે કેવી રીતે દુનિયા બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીથી ડિજિટલ અને મોબાઈલ ઈમેજ મેકિંગમાં બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે પરંતુ ફોટોગ્રાફીનું વિજ્ઞાન એ જ છે. જેમાં કેમેરામાં પ્રકાશ અને ઓપ્ટિકસનો ઉપયોગ મુખ્ય ભૂમિકા ભજવે છે.

તેમણે લગ્ન, મુસાફરી, પોટ્રેઈટ, મિડિઆ અને




બાળકોની ફોટોગ્રાફી જેવા પ્રકારો પણ સમજાવ્યાં હતા.

એક સફળ ફોટોગ્રાફર બનવા તેમણે હોમવર્ક અને ધીરજને મુખ્ય ગુણ ગણાવ્યાં હતા.

વિઝ્યુલાઈજઝેશન પર ભાર મુકતાં તેમણે પદ્મશ્રી અને ભૂતપુર્વ વર્લ્ડ બિલિયર્ડ ચેમ્પિયન ગીત સેઠી સાથે પંદર વર્ષ પહેલાનો ફોટોગ્રાફી સેશન યાદ કરતાં કહ્યું કે,"જ્યારે તેઓ વર્લ્ડ ચેમ્પિયન બન્યા પછી ઘરે પરત ફર્યા ત્યારે મારા બોસે ગીત સેઠીનો યાદગાર અને વિશિષ્ટ ફોટો માંગ્યો. હું એક પરફેક્ટ લોકેશન માટે અમદાવાદમાં ફરતો હતો. ૨૪ કલાકની મહેનત પછી મને આંબાવાડી વિસ્તારમાં એક મોટી બુદ્ધની પ્રતિમા મળી. બુદ્ધ શાંતિનું પ્રતીક છે જે લાક્ષણિકતા બિલિયર્ડ્સનો પર્યાય છે."

સેશનના અંત પહેલા તેમણે રાજ્ય સરકાર પ્રાથમિક વિભાગમાં અભ્યાસક્રમના ભાગ રૂપે ફોટોગ્રાફી શામેલ કરે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે,"ફોટોગ્રાફી એક ભાષા છે. અને એ સમય આવી ગયો છે જ્યાં વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કેવી રીતે અને ક્યાં કરવો તે શીખે."

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની કમિટીના હોદ્દેદારોની નવનિયુકિત કરાઈ



સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગરની કમિટીના હોદ્દેદારોની ચાલુ વર્ષે સર્વાનુમતે વરણી કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે પ્રવિણાબેન જે.વોરા, મહામંત્રી તરીકે વિમળાબેન પી. અયાચી અને ખજાનચી તરીકે દિવ્યાબેન પંડયાની નિયુકિત કરવામાં આવી છે. આ હોદ્દેદારો તેમના હોદ્દા સંભાળી કાર્યરત બન્યા છે. આ અગાઉના હોદ્દેદારોમાં પ્રમુખ ચંદ્રિકાબેન એ. રાવલના પ્રમુખપદના પાંચ વર્ષના સમયગાળામાં તેમના નેજા હેઠળ મંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, ખજાનચી પ્રતિમાબેન ત્રિવેદી અને કમિટીની બહેનોના સાથ સહકારથી તેઓએ ગાંધીનગરની બ્રહ્મસમાજની બહેનોના સંગઠન અને મહિલા સશકિતકરણ તથા વિકાસની સેવાકીય પ્રવૃત્તિઓમાં અમુલ્ય સિંહફાળો અને યોગદાન આપી બ્રહ્મશકિતને ગૌરવપૂર્ણ બિરદાવી છે. નવા હોદ્દેદારો પણ અગાઉની ટીમના કામોને અને લક્ષ્યાંકોને વધુ વેગવંત ધપાવશે તેવો આશાવાદ વ્યકત કર્યો છે. નવનિયુકત હોદ્દેદારોને પૂર્વ પ્રમુખ ચંદ્રિકાબેન એ. રાવલે તથા કમિટીની બહેનોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પાલીબેન સગરમજી, ઉ.વ. ૭૩, રાંધેજા છાપરાં, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ બાબુલાલ મગનભાઈ, ઉ.વ. ૬૬, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. ગણપતભાઈ નેનાભાઈ વાઘેલા, ઉ.વ. ૬૫, પાલજ નવા તા. ગાંધીનગર
- સ્વ. રમેશચંદ્ર ચંદુલાલ પટેલ, ઉ.વ. ૮૦, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. મેધાભાઈ રણછોડભાઈ જાદવ, ઉ.વ. ૭૦, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. કાપડીયા લલીતભાઈ પાનાચંદ, ઉ.વ. ૫૯, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. અમરતબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૪૦, બિલમણા, તા. દહેગામ
- સ્વ. રમેશચંદ્ર ડાહ્યાલાલ મોદી, ઉ.વ. ૬૯, સેકટર-૨૭, ગાંધીનગર